R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

ESTD.YEAR- 20•ISSUE: 27/28 DATE: 09-07-2016•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## આર્થિક સુધારાના વાયદા પુરા કરવામાં મોદી સરકારની ગતિ ધીમી : અમેરીકા

ભારતના આર્થિક વિકાસના ૭.૫ ટકાના દરને અમેરિકાએ શંકાસ્પદ બતાવ્યા છે.અમેરિકાના મતે ૭.૫ ટકાનો જીડીપી ગ્રોથ રેટ અતિશયોકિતભર્યો હોઈ શકે છે. આર્થિક સુધારાઓને આગળ ધપાવવા અને આપેલા વાયદાઓ પુરા કરવામાં મોદી સરકારની કામગીરી ઘણી ધીમી છે. જો કે યુએરના અહેવાલમાં ભારતની બ્યુરોક્રેસી તેમજ એફડીઆઈમાં છુટછાટ આપવા લેવાયેલ નિર્ણયોની પ્રશંસા કરવામાં આવી હતી.અગાઉ મોર્ગન સ્ટેનલી દ્વારા કહેવામાં આવ્યુ હતું કે ભારતના ગ્રોથ રેટના આંકડાઓ ધારણા કરતાં વધુ દર્શાવેલા છે.

યુએસના સ્ટેટ ડીપાડ.ના અહેવાલમાં આર્થિક સુધારા અને બ્યુરોક્રેસીના નિર્ણયોને વ્યવસ્થિત કરવા માટે તેમજ કેટલાક સેકટર્સમાં એફડીઆઈ મર્યાદામાં વધારો કરવાની પ્રશંસા કરવામાં આવી હતી. સુચિત આર્થિક સુધારાને આગળ ધપાવવા તેમજ આપવામાં આવેલા વાયદાઓને પુરા કરવામાં પણ મોદી સરકાર ધીમી રહી છે. કેટલાક સુધારાને સંસદમાં પાસ કરાવવા માટે મોદી સરકારને ભારે મહેનત કરવી પડી છે.ટેક્સ માળખાને વ્યવસ્થિત કરાશે તો જીડીપી ગ્રોથ વધી શકે છે.

## હવે રેલવે ટીકીટ મેળવવા માટે આધાર કાર્ડ ફરજીયાત બનશે

રેલવે ટિકિટ મેળવવા માટે આધારકાર્ડ ટુંક સમયમાં ફરજીયાત બની રહેશે.ભારતીય રેલ્વેએ પ્રવાસ ટીકીટ સેવાને આધાર કાર્ડ સાથે સાંકળવા તૈયારી કરી લીધી છે.અધિકારીઓનું કહેવું છે કે ટિકિટના કાળા બજાર રોકવા માટે આ પગલું લેવામાં આવી રહ્યું છે.જો કે રેલવે તંત્રનો આ નિર્ણય ગયા વર્ષે સુપ્રીમ કોર્ટે આધારકાર્ડના મુદ્દે આપેલી ટિપ્પણીથી વિપરીત છે.સુપ્રીમ કોર્ટે કહ્યુ હતું કે આધારકાર્ડને સરકારી યોજનાઓમાં લાભો માટે ફરજીયાત ના બનાવી શકાય.રેલવેતંત્ર આ યોજનાને બે તબક્કે અમલી બનાવવા આયોજન કરી રહ્યુ છે.પ્રથમ તબક્કામાં વરિષ્ઠ નાગરિક, સ્વાતંત્ર સેનાની, દિવ્યાંગ જેવી છુટછાટના કેસમાં આધારકાર્ડ ફરજીયાત બનાવવામાં આવશે.૧૫ દિવસમાં આ બાબતનો અમલ શરુ થઈ જાય તેવી શક્યતાઓ છે.

બીજા તબક્કાના અમલને બે મહિના લાગી જશે. તે તબક્કામાં રેલવેની તમામ સેવાઓને આધારકાર્ડ સાથે સાંકળી લેવામાં આવશે.અર્થાત રેલવે ટીકિટ બુક કરાવવા આધારકાર્ડ જરુરી બની રહેશે

## ટેલિકોમ કૌભાંડ દબાવી દેવાનો કોગ્રેસ દ્વારા મોદી સરકાર પર ગંભીર આક્ષેપ

કોગ્રેસે મોદી સરકાર પર ટેલીકોમ કૌભાંડ જેમાં ૪૫૦૦૦ કરોડની ખાયકી થઈ હોવાનો આરોપ હતો તેને દબાવી દેવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો.મોદીએ પોતાના ઉદ્યોગપતિ મિત્રોને મદદરુપ થવા માટે આમ કર્યુ છે તેવું કોગ્રેસે કહ્યુ હતું.રાજધાની દિલ્હીમાં યોજવામાં આવેલી એક પત્રકાર પરિષદમાં કોગ્રેસી નેતા સુરજેવ ાલાએ કહ્યુ હતું કે પારદર્શિતાની વાતો કરતી મોદી સરકારે કરોડાના જંગી કોભાંડને દાટી દીધું છે.સરકારે દંડ સાથે ફી નહીં લઈને છ ટેલીકોમ કંપનીઓને મસમોટી મદદ કરી છે.

મોદી સરકાર જો તેમના ચાર સવાલોના જવાબો નહીં આપે તો આ મુદાને સંસદમાં ઉઠાવવાની ફરજ પડે તેમ છે.પોતાના આક્ષેપોની વિગત આપતાં સુરજેવાલાએ કહ્યુ હતું કે સેલ્યુસર સર્વીસ આપનારાઓએ લાઈસંસ ફી ઉપરાંત સ્પેક્ટ્રમ યુસેજ ચાર્જીસ ચુકવવાનું હોય છે.અને તે રકમ સેલ્યુલર કંપનીઓની આવક સાથે સંકળાયેલી હોય છે.કોગ્રેસની આગેવાની હેઠળ યુપીએ શાસનમાં ક્રેગે છ કંપનીઓના ઓડીટીંગની શરુઆત કરી છે.

## છુટાછેડાના મામલે દેશમાં કર્ણાટકનો ચોથો નંબર : જજ માટે પણ વિમાસણની સ્થિતિ

દેશની ફેમીલી કોર્ટોમાં છુટાછેડાના કેસોનું ભારણ એકદમ વધી ગયુ છે. વર્ષ ૨૦૧૪માં કેરળ,મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ બાદ કર્ણાટકની ફેમીલી કોર્ટમાં છુટાછેડાના જે કેસો છે તે દેશમાં ચોથા ક્રમે આવે છે.કર્ણાટકમાં છુટાછેડાના સૌથી વધુ કેસોનું નિરાકરણ આવ્યું છે. જો કે કર્ણાટકની ફેમીલી કોર્ટમાં આવા કેસની સંખ્યા એટલી હદે વધી ગઈ છે કે ત્યાંના જજ પણ ત્રાહીમામ પોકારી ગયા છે. અને એક કેસ પાછળ માત્ર છ મિનિટથી વધુ સમય આપવા માટે સમર્થ નથી.

રેકોર્ડ અનુસાર ૨૦૧૪માં ૧૬,૬૯૦ દંપતિએ કર્ણાટકમાં છુટાછેડા લીધા હતા.૨૦૧૫ની શરુઆતમાં ફેમીલી કોર્ટમાં ૨૩,૨૮૫ કેસની સુનાવણી બાકી પડી હતી.ફેમીલી કોટમાં એડવોકેટ તરીકે કાર્યરત બી.એન.નાગરાજ જણાવે છે કે મે એક દિવસમાં ૨૫ છુટાછેડાના કેસ જોયા છે.આવા મામલામાં થઈ રહેલા વધારાને પગલે જજ એક કેસ પાછળ છ મીનિટથી વધુ સમય આપી શકતા નથી.તેમણે આગળ કહ્યુ હતું કે મોટાભાગના કિસ્સામાં દંપતી વચ્ચે લગ્નના થોડાક વર્ષોમાં મેળ ન બેસવાને કારણે તેમનો સબંધ તુટી જાય છે .મે તો બીજીવારના લગ્નને તુટતા જોયા છે.વ્યવિચાર,અને નપુસંકતા સિવાય હોમોસેક્સ્યુઆલીટી પણ છુટાછેડાના કારણોમાં સામેલ છે.વકીલ ઋષિ રુઈયા જણાવે છે કે આ પ્રકારના કેસોની વધતી સંખ્યાથી એમ લાગે છે કે મહિલાઓ વ્યર્થ કારણો સામે સમજુતી કરવા નથી માંગતી.વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૫ વચ્ચે બેંગલોર મેડીટેશન સેન્ટરમાં લગ્નના વિવાદો સાથે સબંધિત ૭૬૧૧ મામલા આવ્યા હતા જેમાંથી ૨૦૩૦૭ ઉકેલાયા હતા.હવે મતભેદો ઉકેલવામાં કોઈ રસ લેતું નથી. સામાજીક વ્યવસ્થાના નામે વ્યવસ્થા પડી ભાંગી છે.પહેલા ઘર બેઠા ઉકેલો શોધાતા હતા.હવે નાના અમથી વાતો પર મોટુ સ્વરુપ આપીને પ્રશ્નોને પેચીદા બનાવી કોર્ટમાં છુટાછેડા માટે આવે છે.

## હરિયાણામાં અભ્યાસક્રમમાં નૈતિક શિક્ષણના નામે ધોરણ ૬થી ૧૨માં નવો વિષય દાખલ કરાયો

હરિયાણાના શિક્ષણપ્રધાન રામવિલાસ શર્માએ જણાવ્યુ હતું કે વિવિધ ધર્મના ગ્રંથોના પાઠને પણ સરકારી શાળાના અભ્યાસક્રમમાં સામેલ કરવામાં આવશે.તેમણે કહ્યુ હતું કે પાંચ જુલાઈના રોજ કુરુક્ષેત્ર યુની.માં આયોજિત કાર્યક્રમમાં ભગવદ ગીતા,કુરાન, બાયબલ અને ગુરુગ્રંથસાહિબ વિશેના પાઠને પણ નૈતિક શિક્ષણના વિષયમાં સામેલ કરવામાં આવશે. તેમણે કહ્યુ હતું કે ધોરણ ૬ થી ૧૨માં સરકારની શાળાના અભ્યાસક્રમમાં નૈતિક શિક્ષણના નામે નવા વિષયને સામેલ કરવામાં આવશે.આ કાર્યક્રમમાં ગર્વનર કપ્તાનસિંહ સોલંકી ઉપરાંત રાજ્ય અને કેન્દ્રના કેટલાક પ્રધાનો પણ ઉપસ્થિતિ રહેશે.

હરિયાણામાં ઓકટો.૧૪થી ભાજપની સરકાર છે. અને મુખ્યપ્રધાન મનોહરલાલ ખટ્ટર રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના કાર્યકર હતા. તેમણે કહ્યુ હતું કે તમામ ધર્મગંથો ચારિત્ર્ય નિર્માણની વાત કરે છે. ધોરણ છ થી બારના અભ્યાસક્રમમાં આ ધર્મગ્રંથો અંગેના પાઠ પણ સામેલ કરવામાં આવશે. સામાજિક સંગઠનો અને શિક્ષણવિદ્દને સાથે રાખીને રાજ્ય સરકાર નૈતિક શિક્ષણ વિષયના પાઠ્યપુસ્તક તૈયાર કરી રહી છે.

હરિયાણાના શિક્ષણ પ્રધાન શર્માએ આ દિશામાં થયેલી પ્રગતિની સમીક્ષા સામે શિક્ષણ વિભાગના વરિષ્ઠ અધિકારીઓ સાથે એક બેઠક યોજી હતી. હરિયાણા સરકારે ગયા વર્ષે ભગવદ ગીતાના પાઠ શાળાકીય અભ્યાસક્રમમાં સામેલ કરતાં વિરોધપક્ષ કોગ્રેસે આક્ષેપ કર્યો હતો કે હરિયાણામાં શિક્ષણનું ભગવાકરણ થઈ રહ્યું છે.

## ઉત્તરપ્રદેશની વિધાનસભાની ચુંટણી સભાઓ માટે કોગ્રેસે સ્ટાર પ્રચારક તરીકે પ્રિયંકા ગાંધી પર પસદંગી ઉતારી

ઉત્તરપ્રદેશમાં આવનારી વિધાનસભાની ચુંટણીઓમાં કોગ્રેસે સ્ટાર પ્રચારક તરીકે પ્રિયંકા ગાંધીને મેદાનમાં ઉતારવાનું નક્કી કર્યુ છે.રાજ્યમાં પ્રિયકાં ગાંધી ચુંટણી સુધીમાં ૧૫૦ જાહેરસભાઓને સંબોધન કરશે.અને ટુંક સમયમાં તેની શરુઆત થઈ જશે.ઉત્તરપ્રદેશ કમ્યુનિકેશન વિભાગના ચેરમેન સત્ત્યદેવ ત્રિપાઠીએ આ જાહેરાત કરતાં કહ્યુ હતું કે પ્રિયંકાનો ચુંટણી પ્રચાર અત્યાર સુધીમાં કોઈએ જોયો નહીં હોય તેવો હશે.હવે તે અમેઠી અને રાયબરેલી ઉપરાંતના વિસ્તારોમાં કેમ્પેઈન કરશે.

પ્રિયંકા ગાંધી ઉત્તરપ્રદેશમાં ચુંટણીની ધુરા સંભાળવા અંગે કાર્યકરોમાં ભારે ઉત્સાહ પ્રવર્તે છે.તેમના પ્રચાર કાર્યક્રમને આખરી ઓપ અપાયો નથી.પરંતુ તેઓ કોગ્રેસના પ્રચારમાં અગ્રેસરનો રોલ ભજવશે.પરંપરાગત રીતે તેઓ અમેઠી અને રાયબરેલીમાં જ પ્રચાર કરતા હતા.આ વખતે તેઓ આ બે સંસદીય ક્ષેત્રોની બહાર પણ પ્રચાર કરશે.તેમણે કહ્યુ હતું કે આ વખતે કોગ્રેસ ખુબ સારો દેખાવ કરશે.પ્રચારનો કાર્યક્રમ તૈયાર કરવામાં આવી રહ્યો છે.

કોગ્રેસના નેતા નગ્માએ મેરઠમાં કહ્યુ હતુ કે ગુલામનબી આઝાદને ઉત્તરપ્રદેશના પ્રભારી બનાવાયા છે.તે સાથે જ પક્ષને સારા દેખાવની આશા છે.તેઓ અનુભવી નેતા છે.અને અમે સાવ સ્પર્ધામાં નથી તેવું નથી.ગત ચુંટણીમાં પણ અમે સારી એવી બેઠકો મેળવી હતી.

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

સરકાર સંવેદનશીલ મુદ્દો સમાન નાગરિક ધારો બાબતે અભ્યાસ કરવા માંગે છે. અને તે બાબતે તેમણે આ મુદ્દાને ચર્ચા પર મુક્યો છે.દેશભરમાં સમાન નાગરિક સંહિતા એટલે કે યુનિફોર્મ સિવિલ કોડનો અમલ કરવામાં આવે તે પહેલાં તેની વ્યાપક અસરો અંગે વ્યાપક ધોરણે ચર્ચા કરવામાં આવે અને લોકોનો અભિપ્રાય મેળવવામાં આવે તે માટે પ્રયત્નો શરુ કરવામાં આવ્યા છે.કેન્દ્રના કાયદા મંત્રી સદાનંદ ગૌવડા આ બાબતે વિસ્તૃત અભ્યાસ કરવા માંગે છે.જો કે આ બાબત સવેદનશીલ છે. તેથી તેમાં સાવધાની પુર્વક આગળ વધવામાં આવે તે જરુરી છે. લો કમિશન પાસેથી તેનો રિપોર્ટ મેળવવા માટે પગલાં લેવાયા છે. રિપોર્ટ મળ્યા પછી આ મુદ્દે કાયદા મંત્રી વધુ ટિપ્પણી કરી શકશે તેવું કહેવાયું છે.

બંધારણના આર્ટીકલ ૪૪માં સમાન નાગરિક સંહિતાના અમલની તરફેણ કરવામાં આવી છે અને સુપ્રીમ કોર્ટે અનેક વખત એવું તારણ રજુ કર્યુ છે કે તેનો અમલ કરવા ની જવાબદારી કેન્દ્ર સરકારની છે.સંસદના બંને ગૃહોમાં આ બાબતે વારંવાર પ્રશ્નો ઉઠ્યા છે. પરંતુ તેનો નિર્ણય થઇ શક્યો નથી. ભારતીય જનતા પાર્ટીના એજન્ડામાં આ બાબતના અમલની ખાત્રી અપાઇ છે.

જો કે આ સહિંતાનો અમલ કરવામાં આવશે તો જુદા જુદા ધાર્મિક ગ્રુપ માટે જુદા જુદા કાયદાઓને બદલે દેશના તમામ નાગરિકો માટે સમાન નાગરિક કાયદાઓ અમલમાં મુકાશે. કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવેલી આ હિલચાલ મહત્વની છે.

## મંતવ્ય

ભારત દેશની માથાદીઠ આવક માત્ર ૧૫૦૦ ડોલર છે જ્યારે સિંગાપુરની માથાદીઠ આવક પચાસ હજાર ડોલર છે.તુલનાત્મક દષ્ટિએ ભારત હજુ પણ ગરીબ દેશ છે.દેશના ગરીબોના આંસુ લુછવા માટે ભારતની માથાદીઠ આવક ૬૦૦૦ ડોલરની કરવાનું આવશ્યક છે.ત્યારે માંડ ભારત મધ્યમ આવકવાળો દેશ બની શકશે.આ કામ બોલવા જેટલું સહેલું નથી તેના માટે ઓછામાં ઓછા બે દાયકા લાગી જાય. આ શબ્દો રિઝર્વ બેકના ગર્વનર રઘુરામ રાજનના છે.તેમનું વિશ્લેષણ ભારતીય અર્થતંત્રની સાચી ઓળખ આપે છે. ભારતનો વિકાસ દર ચોક્કસ પણે સંતોષ આપે તેમ છે પરંતુ તેનાથી હરખાઇ જવા જેવું નથી.કપરા ચડાણ તો હવે આવી રહ્યા છે.

જો કે રાજનના મતે ભારતની માથી દીઠ આવક છ હજાર ડોલરની કરવા માટે બે દાયકાની જરુર પડે પરંતુ દરેક સરકારની ભિન્ન ભિન્ન વિચારસરણી વચ્ચે આ લક્ષાંક સિધ્ધ કરવો કઠીન છે.નીતિ અને તેના અમલીકરણ વચ્ચે સાતત્ય જળવાઇ રહે તેવું બહુ ઓછુ બને.બે દાયકામાં કેટલા સત્તા પરિવર્તનો આવે તેની પર આધારિત છે.જો કે દેશના અનેક વિદ્વાનોના મતે અને તેમાંય ખાસ કરીને ભાજપના બહુ બોલકા સાંસદ સ્વામીના કારણે રાજનની વિદાય નક્કી થઇ ગઇ.પરંતુ સ્વામી પાસે દેશના માટે કોઇ આર્થિક ચમત્કારો કરી શકાય તેવી જડીબુટટી દેખાતી નથી.

શા માટે આપણા દેશમાં આવા લોકોને મહત્વ આપવામાં આવે છે કે જેઓ હંમેશાના માટે નકારાત્મક બાબતો રજુ કરતા હોય છે.માત્ર લોકોને સત્તા પરથી ગબડાવી દેવા એજ માત્ર તેમનો ઉદ્દેશ્ય હોય તો પછી તેમને મહત્વ આપવાનું ઓછુ કરી દેવું જોઇએ.અન્યથા દેશનો વિકાસ કે તેની પ્રગતિ કેવી રીતે થઇ શકે તે યક્ષ પ્રશ્ન બની રહે.

ગરીબી હટાવવી અને વંચિત લોકો માટે અન્યોને ત્યાગી બનાવવા માટે ભારે પુરુષાર્થ કરવો પડે,કોણ કરશે. નીતિન આર.વ્યાસ

## વિશ્વ હિંદુ પરિષદ બળજબરીથી કરાયેલ સ્થળાંતરનો દેશવ્યાપી સર્વે કરશે

વિશ્વ હિંદુ પરિષદના આંતરરાષ્ટ્રીય કાર્યકારી પ્રમુખ પ્રવીણ તોગડીયાએ કહ્યુ હતું કે વિએચપી હિંદુઓના જ્યાં જ્યાંથી બળજબરીથી સ્થળાંતર કરવા પડ્યા છે તેવા તમામ સ્થળોનો રાષ્ટ્વ્યાપી સર્વે કરશે.જમ્મુ કાશ્મીરથી કેરળ તથા ગુજરાતથી બંગાળ સુધી આ સર્વે થશે.ચારથી પાંચ માસમાં આ સર્વે પુરો કરવામાં આવશે.

### જાણવા જેવું !

સ્ટેચ્યુ ઓફ લિબર્ટીની પહેલી આંગળી જેને ઈન્ડેક્ષ ફિંગર તરીકે ઓળખવામાં આવે છે તે આઠ ફુટની લંબાઇ ધરાવે છે.

ચીલીમાં આવેલા અટકામાના રણમાં છેલ્લા ચારસો વર્ષથી એક પણ ટીપું વરસાદનું પડ્યું નથી.

વાયોલીન લાકડાના ૭૦ ટુકડાને જોડીને બનાવવામાં આવે છે.

૧૯મી સદીમ ાં સાઇબીરીયામાં ચામાંથી બનાવેલા ચોરસ ટુકડાઓનો ઉપયોગ નાણાં તરીકે કરવામાં આવતો હતો.

## ભારતીય જનતા પાર્ટીના નેતા અને સાંસદ સુબ્રમણ્યમ સ્વામીના નિશાના પર ૨૭ બ્યુરોક્રેટ્સ

ભારતીય જનતા પાર્ટીના રાજ્યસભાના સાંસદ સુબ્રમણ્યમ સ્વામીએ ભારતીય રિઝર્વ બેન્કના ગર્વનર રઘુરામ રાજનને કોગ્રેસના એજન્ટ અને દેશના દુશ્મન કહીને કરેલા નિવદેનો બાદ રાજને વધુ અપમાનિત ન થવા, પોતાની સેવાઓ આટોપી લીધી.રઘુરામ રાજન પર સતત વેધક નિવદનો અને પ્રહાર કરતાં આખરે તેમનું મિશન પુરુ થયું.હવે તેમની પાસે નવી કામગીરી આવી ગઇ છે.સ્વામીએ કહ્યું છે કે તેઓ ટુંક સમયમાં ૨૭ જેટલા બ્યુરોક્રેટ્સની યાદી બહાર પાડશે. જેને ચિદમ્બરમે નિયુક્ત કર્યા હતા અને જે કોગ્રેસના પ્રમુખ સોનિયા ગાંધીના નિકટ અને વફાદાર હતા.


રાજને પોતે હવે ગર્વનરની બીજી ટર્મ માટે રેસમાં નથી તેવી સ્પષ્ટતા કર્યા બાદ સ્વામીએ તેમના પર પ્રહારો તો ચાલુ જ રાખ્યા હતા.તેમણે કહ્યુ હતું કે રાજનની આ સ્પષ્ટતાથી મારી શંકા બિલકુલ સાચી સાબિત થઇ છે કે ભાજપ સત્તા પર આવ્યા બાદ રાજને કોગ્રેસના એજન્ટ તરીકે કામ કર્યુ હતું.

સ્વામીએ રવિવારે ટ્વીટ કરીને સ્પષ્ટતા કરી હતી કે મારો હવે પછીનો પ્રોજેક્ટ ૨૭ બ્યુરોક્રેટસનો પર્દાફાશ કરવાનો છે.જે વિવિધ મંત્રાલયોમાં છે. અને ટીટીકેની નજીક છે.પીસી(ચિદમ્બરમ)એ તેમને વિવિધ પદ પર બેસાડી દીધા છે.ઉલ્લેખનીય છે કે સ્વામી ટ્વીટર પર વિવિધ રાજકીય હસ્તીઓ માટે ટુંકા અંગ્રેજી અક્ષરના નામો આપે છે. જેમાં ટીટીકે એટલે તાડકા એવો અર્થ થાય છે. જે તેઓ કોગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી માટે ઉપયોગ કરે છે.

ઉલ્લેખનીય છે કે રાજને જાહેર કર્યુ છે કે તેઓ સપ્ટેમ્બરથી તેમનો કાર્યકાળ પુરો થયા પછી તેઓ શૈક્ષણીક કામગીરીમાં પરત લાગી જસે તેમ તેમણે કહ્યુ હતુ.

જો કે સ્વામી ક્યારે કોની વિરુધ્ધ બકવાસ કરશે તે નક્કી નથી.હવે તેમણે દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલ સામે નિશાન તાક્યું છે.ભાજપના સાંસદ મહેશગીરી કેજરીવાલના ઘરની બહાર ભુખહડતાલ પર બેઠા છે. ત્યારે સ્વામી તેમની સાથે જોડાયા હતા.કેજરીવાલના ઘરની બહાર ધરણા પર બેઠેલા લોકોની સાથે સ્વામીએ જણાવ્યુ હતું કે હવે કેજરીવાલને ઉઘાડો પાડવાનો સમય આવી ગયો છે.જે રીતે રાજનને લોકો સમક્ષ ખુલ્લા પાડ્યા તે રીતે કેજરીવાલને પણ ખુલ્લા પાડવમાં આવશે.તેમના તમામ રહસ્યો છતાં કરવામા આવશે.સ્વામીએ કહ્યુ હતું કે કેજરીવાલે આખી જીંદગી ઘણી છેતરપીંડી કરી છે.તેઓ દિલ્હી આઇઆઇટીના તેજસ્વી વિદ્યાર્થી હતા પણ મારી પાસે પુરાવા છે કે તેમણે કેવી રીતે એડમીશન લીધું હતું.રાજન જતા રહ્યા હવે હું કેજરીવાલની પાછળ છું.

મહેશગીરીના વિવાદ બાદ અને ભાજપના નેતાઓ દ્વારા સીએમ હાઉસની બહાર ધરણાં શરુ કરવામાં આવતાં દિલ્હીના મુખ્યમંત્રીએ જણાવ્યુ હતું કે ભાજપ ધરણા પાર્ટી છે.મહેશગીરીની ધરપકડ કરવી જોઇએ. તેમણે ટ્વીટ કર્યુ હતું કે જો દિલ્હીમાં અમારી પોલીસ હોત તો અત્યાર સુધીમાં ખાન મર્ડર કેસમાં મહેશગીરી અને કંવરસિંહની ધરપકડ કરી હોત. અને તેમની પુછપરછ કરી હોત. ભાજપ નાટક



કરી રહ્યો છે તે હત્યારાને બચાવવા આવાં ગતકડાં કરે છે તો દિલ્હીના સાંસદ મહેશગીરીએ જણાવ્યુ કે એમએમ ખાન હત્યાકાંડમાં કેજરીવાલ દ્વારા તેમનું નામ લેવામાં આવ્યું છે જે માટે કેજરીવાલ માંફીમાંગે, દેશ આખામાં જેમને જેમ ફાવે તેમ બોલી રહ્યા છે કોઇ નેતા આવા લોકો પર લગામ કસી શકે તેમ નથી. વડાપ્રધાને કોઇને આવા સ્ટેટમેન્ટો કરતાં રોક્યા નથી.કદાચ એવુ પણ બની શકે કે આ પાર્ટી લાઇન હોય અને તે પ્રકારે લોકોને સુચના આપવામાં આવી હોય, જ્યારે પરિણામ કંઇક અવળું આવે ત્યારે ઉચ્ચ નેતાગીરીએ વચ્ચે પડીને પરિણામ બદલાય નહી તે માટે પ્રયત્ન કરવાનો. જો કે હાલમાં એવું દેખાઇ રહ્યુ છે કે ઉચ્ચ નેતાગીરીનો તેમને સાથે છે અને તેમની મરજી મુજબ જ આ ચાલી રહ્યું છે.સ્વામી તો માત્ર કઠપુતલી છે દોર કોકનાહાથમાં છે.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬


**વિનંતી**

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્ક: જ્હોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

**★ નીલા ફાઇનાન્સ ★**

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૨૫૩૮૩૩૨૨

# શિવસેના અને ભાજપ વચ્ચે ચાલી રહેલો ગજગ્રાહ તેમની લોકપ્રિયતાનો આંક ઘટાડી રહ્યો છે

ભારતીય જનતા પાર્ટીના નેતા માધવ ભંડારીએ શિવસેનાના નેતા ઉદ્દવ ઠાકરેને શોલેના અસરાની સાથે સરખાવ્યા તો શિવસેનાએ ભાજપના પ્રમુખ અમિત શાહને શોલેના ગબ્બરસિંહ કહી સાટુ વાળ્યુ હતું. એટલું જ નહિ સેનાના પ્રમુખની ટીકા કરનાર અને તલાકની વાતો કરનારા માધવ ભંડારીની સરખામણી બોલિવુડના કોમેડીયન કલાકાર રાજપાલ યાદવની સાથે કરી હતી.શિવસેનાની નગરસેવિકા કિશોરી પેડણેકરે ભાજપની નેતાગીરી પર ભારે ટીકાઓ કરી હતી.બીજી તરફ શિવસેના પ્રમુખની તુલના શોલે ફિલ્મના અસરાની સાથે કરવામાં આવતાં ઉશ્કેરાયેલા શિવસૈનિકોએ નાસિક અને ઔરંગાબાદમાં ભાજપના નેતા માધવ ભંડારીનું પુતળા દહન કર્યુ હતું.અને ભાજપ વિરોધી નારેબાજી કરી હતી.આખરે સેનાની દાદાગીરી પર ભાજપે વિવાદ પર પડદો પાડવા માટે વિવાદ ટાળવાનો પ્રયાસ કર્યો હતો.

શિવસેનાના સંસદસભ્ય સંજય રાઉતે ભાજપ વિરોધી વલણ લઇ જણાવ્યુ હતું કે ભાજપે એ ન ભુલવું જોઇએ કે તેમની સરકાર અમારા ટેકાથી ચાલે છે.જો તેમને ભ્રષ્ટાચારીઓનો ટેકો લેવો હોય તો તેઓ પવાર અને ભુજબળનો ટેકો લઇ તેમની સરકાર ચલાવી શકે છે. હાલમાં શિવસૈનિકોમાં અસંતોષનો લાવા ઉકળી રહ્યો છે.તે બહાર પડશે તો તમને ભારે પડી જશે.બીજી તરફ શિવસેનાના નેતા ચંદ્રકાંન્ત ખૈરે ભાજપના નેતા માધવ ભંડારીને ધમકી આપી હતી કે તમારા નિવેદનો ઉશ્કેરણીજનક હોવાથી શિવસૈનિકો ઉશ્કેરાઇને કોઇ તોડફોડ કરશે તો પછી અમારી કોઇ જવાબદારી રહેશે નહી.શિવસેનાના મુખપત્ર સામનામાં પણ ભાજપને આડેહાથ લેવાયુ હતું.તેમા જણાવાયું હતું કે જેટલી અને સ્વામી શિવસેના નથી છતાં તેઓ તેમનું મંતવ્ય જાહેર કરી શકતા હોય તો ભાજપે પણ શિવસેનાની ટીકાને યોગ્ય રીતે સ્વીકારવી રહી.

# જાનવરોને મારવા સામે પ્રતિબંધ ફરમાવવાનો સુપ્રીમ કોર્ટનો ઇન્કાર

બિહાર,ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં નીલગાય,જંગલી ભુંડ અને વાંદરાને મારવા સામે પ્રતિબંધ મુકવાનો સુપ્રીમ કોર્ટે ઇન્કાર કર્યો હતો.કેન્દ્રના નોટિફિકેશનની સામે સુપ્રીમ કોર્ટમાં જાહેરહિતની અરજી કરવામાં આવી હતી.વિશેષ બેન્ચે આ મુદ્દે સુનાવણી હાથ ધરતાં જણાવ્યુ હતું કે અરજદારોને આ મુદ્દે વિરોધ હોય તો તેમણે રાજ્ય સરકારો અને કેન્દ્ર સરકારો પાસે જવું જોઇએ.આ મુદ્દે સ્ટે આપી શકાય નહી.

ઉલ્લેખનીય છે કે કેન્દ્ર સરકાર દ્વારા ડિસે.૨૦૧૬માં કેન્દ્ર સરકારે નોટિફિકેશન જારી કરીને બિહારમાં નીલગાય અને જંગલી ભુંડને નુકશાન પહોંચાડનારા પશુઓ જારી કરીને તેમની હત્યા કરવા અને તેમની વસતી કાબુમાં કરવા પરવાનગી આપી હતી. સરકારના નોટીફિકેટશન સામે અરજદાર ગૌરી મૌલેખીએ જણાવ્યુ હતું કે સરકાર દ્વારા જારી કરવામાં આવેલ નોટીફીકેશન ગેરકાયદેસર છે.તેમણે આ પ્રદેશોનો વૈજ્ઞાનિક અભ્યાસ નથી કર્યો.સરકારે કોઇપણ આધાર કે અભ્યાસ વગર નોટીફીકેશન જારી કરી દીધા છે.વાસ્તવમાં સરકાર પાસે જાનવરો અંગેની પુરતી માહીતી નથી.

જો કે મહત્વની બાબત એ છે કે જીવદયાને નામે અવારનવાર કોર્ટમાં ધસી જતા આ લોકોને પુરતી જાણકારી હોતી નથી.રાજ્યમાં રખડતાં કુતરાંઓ ત્રાસ જેમને કરડે છે તેમને ખબર પડે છે.ત્યારબાદ ખેડુતોનો ઉભો પાક જ્યારે નીલ ગાય જેવા જાનવરો ચરી જાય અને મહનેત માથે પડે ત્યારે દેવાનો ભાર તેને આપઘાત કરવા મજબુર કરે છે એ બાબતોનો પણ અભ્યાસ કરવો પડે. કુદરતે પર્યાવરણની જાળવણી માટે કરેલી વ્યવસ્થામાં કોઇ દખલ ના કરે તે પણ જરુરી છે.રખડતાં કુતરાની વધી ગયેલ વસ્તી પાછળ સરકારે અજમાવેલ નસબંધીનો નુસખો કામયાબ નીવડી શક્યો નથી.કારણકે યોજનાનો અમલ થઇ શક્યો નહી અને નાણાં ચવાઇ ગયાં. આજ પ્રકારે નીલગાય અને હરણાંઓએ સૌરાષ્ટ્ર પંથકમાં ઉભા મોલને નુકશાન પહોંચાડતાં ગુજરાત સરકારે નીલગાયને મારવાની રજામંદી આપી હતી.પરંતુ કેટલાક તેમાં છીંડા ઉભા થવાથી યોજનાનો અમલ શક્ય બન્યો નહી.ધર્મ અને લાગણીઓને ટેકો નહીં આપી માનવજાતનું ભલું કરવા માટેના યોગ્ય પગલાં લેવા જોઇએ.


IN THE FOOTESTED OF JESUS

**HOLYLAND TOUR**

Exploring the journey of the HOLY LAND

WELCOME TO ISRAEL,JORDAN,EGYPT & DUBAI

**પ્રભુ કૃપાથી ઇઝરાયેલ ટુર -૨૦૧૬ નું આયોજન કરેલ છે.**

**દેશ-પરદેશના ઇચ્છુક ભાઇ-બહેનોને આ ટુરમાં જોડાવવા માટે જાહેર આમંત્રણ છે. આ ટુરમાં આપ જોઇ શકશો**

**ઇઝરાયેલ, ઇજીપ્ત, જોર્ડન, દુબાઇ બતાવીશું.**

Tour Date 18 May '16,Sept.16 November,2016

**પેકેજ પ્રાઇસમાં સામેલ છે. એરટિકિટ, નાસ્તો, લંચ,ડીનર, એન્ટરન્સ ફીએરપોર્ટ ટેક્સ, વીઝાફી, ખાસ ટીપ((Tips),એરફેર, હોટેલ્સ, ગાઇડ ફી,વાહનભાડાં સામેલ છે. અન્ય કોઇ છુપો ખર્ચ નહિ. ગુજરાતીમાં અનુવાદ સાથે સમજ આપવામાં આવશે. ટુરમાં જોડાવા માટે રૂ ૧૫૦૦૦/-ડિપોઝીટ પેટે મોકલવાના રહેશે.**

**પ્રાર્થન પોલ ગોહિલ,**

C/40,નતાશા પાર્ક રેસીડેન્સી- , નિઝામપુરા, વડોદરા. ૩૨૦૦૨૪ મોબાઇલ નં. ૯૮૭૯૪૪૩૩૭૪,૯૪૨૮૬૯૧૦૮૦

E.mail ID : prarthgohil@gmail.com

* * * * * * * * * * * * *


# યુરોપિયન યુનિયનમાંથી અલગ થનાર બ્રિટન પ્રથમ દેશ : ૪૩ વર્ષ પુરાણો સબંધ તોડી નંખાયો

બ્રિટનની જનતાએ આખરે યુરોપિયન યુનિયનમાંથી અલગ થઇ જવાનો નિર્ણય લીધો.૪૩ વર્ષ પુરાણો સબંધ તોડી નંખાયો.રેફરેન્ડમમાં ૫૧.૯ ટકા જનતાએ યુરોપિયન યુનિયનમાંથી અલગ થઇ જવાનો નિર્ણય કર્યો અને તે પ્રમાણે મત આપ્યો.જ્યારે ૪૧.૧ ટકા લોકોએ તરફેણમાં મત આપ્યો. આ પ્રકારના રેફરેન્ડમને કારણે બ્રિટનના વડાપ્રધાન કેમરુને રાજીનામુ આપી દેવાની જાહેરાત કરી હતી.બ્રેકિઝટના સમાચાર આવતાં જ બ્રિટિશ કરન્સીમાં ત્રણ દાયકાનો સૌથી મોટો કડાકો બોલી ગયો હતો.તેની અસર વિશ્વના અન્ય દેશો પર પણ પડી હતી. શેર બજાર માટે બ્લેક ફ્રાઇડે કહેવાયો અને સોના માટે સોનેરી દિવસ ગણાવાયો હતો. બ્રિટનની વિદાય બાદ હવે કોણ યુરોપિયન યુનીયનમાંથી અલગ થાય છે તે જોવાનું રહે છે.નેધરલેન્ડ,ફ્રાંસ અને ઇટાલીના દેશોની સંભાવના દેખાઇ રહી છે. જો કે બ્રિટન યુરોપિયન યુનીયનમાંથી અલગ થવાને કારણે ભારતમાં તેની અસરો પેદા થશે.ભારતના શેરબજારોમાં પણ તેની અસરો વર્તાઇ હતી.વિશ્વના તમામ દેશોના ચલણ પર ભારે દબાણ ઉભુ થયું છે.

# મધર ટેરેસા પર ભાજપના સાંસદ આદિત્યનાથ યોગીનો ધર્માંતરણનો આરોપ

ભારતીય જનતા પાર્ટીના કેટલાક વિવાદાસ્પદ નેતાઓ તેમના વિવાદાસ્પદ નિવેદનો આપવા માટે જાણીતા છે.એ પૈકીના ભાજપના સાંસદ યોગી આદિત્યનાથે મધર ટેરેસાને લઇને એક વિવાદાસ્પદ ટિપ્પણી કરતાં કહ્યુ હતું કે મધર ટેરેસા જેવા લોકોએ ભારતનું ઇસાઇકરણ કરવાનું ષડયંત્ર કર્યુ હતું.ગોરખપુરથી ભાજપના સાંસદ આદિત્યનાથે એક કોલેજ પરિસરમાં આયોજિત રામકથા કાર્યક્રમમાં કહ્યુ હતું કે મધર ટેરેસા જેવા લોકો ભારતનું ઇસાઇકરણ કરવાનું કામ કરે છે તો ક્યારેક ફાધર બનીને આ જ લોકો હિન્દુઓને દફનાવવાનું ષડયંત્ર રચે છે.

તેમણે કહ્યુ હતું કે ભારતના પુવીત્તર રાજ્યોમાં આ ખ્રિસ્તી લોકોએ કઇ રીતે ખતરનાક સ્થિતિ પેદા કરી છે એ ત્યાં જઇને જુઓ. ઝારખંડ,અરુણાચલ,ત્રિપુરા, નાગાલેન્ડ અને મેઘાલયમાં ખ્રિસ્તીઓએ અલગતાવાદની સ્થિતિ પેદા કરી છે કે જેને જોયા પછી તમારા પગ નીચેથી ધરતી સરકી જશે.શામલી જિલ્લાના કૈરાનામાંથી હિન્દુઓની કથિત હિજરત અંગે આદિત્યનાથે કહ્યુ હતું કે આખરે હિંદુઓ ક્યાં સુધી હિજરત કરશે અને તે ક્યાં જશે.તેમણે કહ્યુ હતું કે કૈરાનામાથી હિન્દુઓની હિજરતનું કારણ દંભી ધર્મનિરપેક્ષતા છે. કૈરાનામાં એક વખતે હિંદુઓના ઘરોની સંખ્યા ૬૮ ટકા હતી અને આજે તે ઘટીને ૮ ટકા જેટલી રહી ગઇ છે.


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344, (R)0091-2692-260332

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોંચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર ક્લાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઇવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

## ન્યુક્લિયર સપ્લાયર્સ ગ્રુપમાં સભ્યપદ માટે સરકારે ધમપછાડા કરવાની જરુર નહોતી :શ્રીનિવાસન

જાણીતા વિજ્ઞાની અને એટોમિક એનર્જી કમીશન(એઇસી)ના સભ્ય એમ.આર.શ્રીનિવાસને કહ્યુ હતું કે ન્યુક્લિયર સપ્લાયર્સ જુથમાં સભ્યપદ માટે કેન્દ્રના ધમપછાડા બિનજરુરી અને અસ્વીકાર્ય હતા.તેમણે તો તેને એક ખોટી સલાહ ગણાવી હતી. જો સરકારે ડિપાર્ટમેન્ટ ઓફ એટોમિક એનર્જીના સંગઠન એઇસીની સલાહ લીધી હોત તો અમે તેમને આવા પગલાંથી દુર રહેવાનું જ કહ્યુ હોત તેમ જણાવતાં એઇસીના પુર્વ ચેરમેન શ્રીનિવાસને દલીલ કરી હતી કે એનએસજીમાં સભ્યપદથી ભારતના પરમાણું વેપારને કોઇ અસર થતી નથી કેમકે ભારતે રિએક્ટર્સ અને યુરેનિયમના પુરવઠા માટે અન્ય દેશો સાથે સમજુતી પત્રો પર હસ્તાક્ષર કર્યા છે.

હાલમાં દેશમાં પરમાણુ ઉર્જાની પ્રવૃત્તિઓની દેખરેખ કરતાં શ્રીનિવાસન એઇસીના ચેરમેન રહી ચુક્યા છે.તેમણે કહ્યુ હતું કે ભારતે બિનજરુરી રીતે એનએસજીમાં પ્રવેશ અંગે એક મોટો હાઉ ઉભો કર્યો હતો.આ સંપુર્ણપણે બિનજરુરી હતો. કેમકે ૨૦૦૮ની સંધિને કારણે આપણે પરમાણુ સજ્જ દેશો સાથે પરમાણુ વેપાર માટે સક્ષમ છીએ. અને રિએકર્સ પ્રોજેક્ટો માટે રશિયા, ફ્રાંસ અને અમેરીકા સાથે સમજુતિ ધરાવીએ છીએ.

ઉપરાતં ભારત કઝાખસ્તાન, કેનેડા અને ઓસ્ટ્રેલીયા સહિત અનેક દેશો સાથે યુરેનિયમ ખરીદવાની સમજુતી ધરાવે છે. તેમ જણાવતાં શ્રીનિવાસને આકરા શબ્દોમાં કહ્યુ કે ૧૯૭૪માં સ્થાપવામા આવેલા એનએસજીમાં ભારતને પ્રવેશ માટેની પહેલ બિનજરુરી અને ખોટી સલાહભરી હતી. પદ્મભુષણ એવોર્ડ વિજેતાએ ઉમેર્યું હતું કે એનએસજીમાં ભારતના પ્રવેશને મળેલી નિષ્ફળતાની આકરી અસર નહી પડે કેમકે ભારત પોતાની રીતે રીએકર્સની ડીઝાઇન કરવા અને બનાવવા તેમજ ફ્યઅલ ઉત્પાદન, રિપ્રોસેસીંગ અને તેનાથી આગળ પ્રોસેસ કરવાની પોતની ક્ષમતા ધરાવે છે. આપણે આમેય માફી ધરાવીએ છીએ. આથી આપણે હતાશ કે ક્ષોભજનક સ્થિતિમાં આપણી જાતને મુકવાની કોઇ જરુર જ નહોતી.કમનસીબે આવા પ્રયાસને કારણે આપણું આત્મસન્માન ઘવાયું છે.

## મોદીની મદદ કરી છેતરાયાનો અહેસાસ થાય છે : રામ જેઠમલાણી

સીનીયર વકીલ અને રાજ્યસભાના આરજેડીના સાંસદ રામ જેઠમલાણીએ ફરી એકવાર વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પ્રહારો કરતાં કહ્યુ હતું કે મોદીને મદદ કરવા બદલ મને છેતરાયાનો અહેસાસ થાય છે અને હું મારી જાતને દોષિત માનુ છું..

સમાજવાદી સિંધી સભાના એક ક્ષેત્રીય સંમેલનને સંબોધિત કરતાં જેઠમલાણીએ આક્ષેપ કર્યો હતો કે મોદી વિદેશોમાંથી કાળુ નાણું પાછુ લાવવાના પોતાના વાયદામાં નિષ્ફળ ગયા છે.હું તમને એચ કહેવા આવ્યો છું કે મોદી પર ક્યારેય ભરોસો ન કરતાં, મને એવું લાગે છે કે હવે તેઓ આ વચનને પુરુ પણ નહી કરી શકે.

જેઠમલાણીએ આ પ્રસંગે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવના ભરપેટ વખાણ કર્યા હતા.તેમની છબી સ્વચ્છ છે અને તેઓ દેશના ભવિષ્ય છે.આગામી ચુંટણીઓમાં સમાજવાદી પાર્ટીને મત આપવા અપીલ કરી હતી.


### ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


## ચર્ચે સમલૈંગિકો સાથે દુર્વ્યવહાર કરવા બદલ માફી માંગવી જોઇએ : પોપ ફ્રાંસિસ

પોપ ફ્રાંસિસે જણાવ્યુ હતું કે ખ્રિસ્તી અને રોમન કેથલિક ચર્ચે સમલૈંગિકો સાથે કરેલા દુર્વ્યવહાર બદલ માંફી માંગવી જોઇએ.આર્મેનિયાથી રોમ પાછા ફરવાના ક્રમમાં પ્લેનમાં એક રિપોર્ટર સાથેની વાતચીતમાં તેમણે આ નિવેદન આપ્યું હતું.તેમણ એમ પણ જણાવ્યુ હતું કે મહિલાઓ સાથેના પોતાના વ્યવહારને કારણે પણ ચર્ચે માંફી માંગવી જોઇએ. આક્રમમાં તેમણે બાળશ્રમથી મો ફેરવી લેવાને અને ભુતકાળની અન્ય ઘણી ચીજો તરફ ઇશારો કર્યો જેની પર ચર્ચે ક્યારેય ધ્યાન આપ્યું નથી.

તેમણે પોતાની આ યાત્રા દરમિયાન રિપોર્ટર સથે એક કલાક સુધી વાતચીત કરી હતી.પોપ ફ્રાંસિસને પુછવામાં આવ્યુ હતું કે શું તેઓ હાલમાં જર્મન રોમન કેથોલિક કાર્ડિનલની ટિપ્પણીથી સહમત છે જેમાં તેમણે કહ્યુ હતું કે ચર્ચે સમલૈંગિકોની માફી માંગવી જોઇએ. રિપોર્ટરે જ્યારે આ ક્રમમાં ફ્લોરિડાના ઓરલેન્ડો કલબમાં થયેલા ફાયરિંગની વાત છેડી તો પોપ ફ્રાંસિસના ચહેરા પર ઉદાસી છવાઇ ગઇ હતી.

પોપે ચર્ચનું શિક્ષણ યાદ અપાવ્યું અને જણાવ્યુ કે અમે સમલૈંગિકો સાથે ભેદભાવને રોકવાની વાત કરીએ છીએ. તેમને પણ સમાનરુપે આદર મળવો જોઇએ. મારુ માનવુ છે કે ચર્ચે ફક્ત સમલૈંગિકોની જ નહી પરંતુ ગરીબો અને મહિલાઓ પાસે પણ માંફી માગવી જોઇએ. જેમનું શોષણ થયું છે એવા બાળકોની પણ જેમને બાળપણમાં મજુરી કરવા માટે મજબુર કરવામાં આવ્યા હતા.એવા તમામની માંફી માંગવી જોઇએ. જે બદીઓ પર ભુતકાળનાં આઁખ મિચામણાં કરવામાં આવ્યા હતા.

પોપે જણાવ્યુ હતું કે ચર્ચે સમલૈંગિક પ્રવૃત્તિને પાપની દષ્ટિએ જોતું નથી.આપણે તેને શાલિન બનાવવાની જરુરત છે.ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૩માં પોપ બન્યાપછી પહેલી વિદેશયાત્રા દરમિયાન સમલૈંગિકો પર તેમણે જણાવ્યુ હતું કે અમે આ અંગે નિર્ણય સંભળનારા કોણ છીએ. આ વખતે તેમણે થોડો સુધારો કરતાં જણાવ્યુ કે સવાલ એ છે કે એક શખ્સ જે આ સ્થિતિમાં છે જેમાં સદભાવના છે જે ઇશ્વરની તરફ જુએ છે તેની પર નિર્ણય સંભળાવનારા અમે કોણ છીએ. તો વેટીકનના પ્રવક્તા ફાધર ફેડરિકો લોમબાદીએ જણાવ્યુ હતું કો પોપ અલગ સ્થિતિની વાત કરી રહ્યા છે.

## એનઆરઆઇ સાથે લગ્ન કરીને છેતરાયેલી મહિલાઓને સરકાર મદદ કરશે

એનઆરઆઇ સાથે લગ્ન કરીને છેતરાતી મહિલાઓને સરકારે મદદ કરવ ાનો નિર્ણય કર્યો છે.આવા કેસોમાં લેવાવા જોઇતાં પગલાં અંગે ચોક્કસ માપદંડો નક્કી કરવા સમિતિની રચના કરવાનો નિર્ણય લીધો છે. મહિલા અને બાળવિકાસ પ્રધાન મેનકા ગાંધી અને વિદેશ પ્રધાન વચ્ચે થયેલ બેઠક બાદ આ નિર્ણય લેવાયો હતો.વિદેશમાં ભારતીય દુતાવાસો સાથે સક્રીય રીતે કામગીરી કરીને આવી મહિલાઓને મદદ કરાશે.

## ઇસ્લામને શાંતિનો ધર્મ કહેવાનું બંધ કરો : તસલીમા નસરી

બંગલાદેશની જાણીતી લેખિકા જે હાલમાં દેશનિકાલનો સામનો કરી રહી છે અને ભારતમાં આશરો લઇ રહી છે તેણીએ જણાવ્યુ હતું કે ઢાકામાં તાજેતરમાં થયેલા હિંસક હુમલામાં જે કત્લેઆમ થયો છે તે દુઃખદ છે.હવે ઇસ્લામને શાંતિનો ધર્મ કહેવ ાનું બંધ કરવું જોઇએ.જો તેણીના આ નિવેદન બાદ વિવાદ સર્જાઇ શકે છે.આમેય તેમના લોકો તેમના દુશ્મન છે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

જય ક્રિશ્ચિયન

૧૩,સહયોગ પાર્ક-૧

,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૯૯

૯૮૨૪૩૬૨૪૬૨


## ઝેવીયર્સ કેમ્પસની એનજીઓ સામે ઉગ્ર દેખાવો યોજાયા

સેન્ટ ઝેવીયર્સ કોલેજની બિન શૈક્ષણિક સંસ્થા માનવ વિકાસ અને સંશોધન કેન્દ્ર સામે વિવિધ સમાજોનો રોષ પ્રગટ થયો હતો.સફાઇમાં સવર્ણોને પ્રાથમિકતા અંગેની જાહેરાત આપતાં આ પરિસ્થિતિનું નિર્માણ થયું હતું.૧લી મેના રોજની આ જાહેરાત હાલ વિવાદના કેન્દ્રમાં આવી છે.જેના કારણે વિવધ સમાજના લોકો કોલેજ કેમ્પસમાં એકઠા થયા હતા અને ઉગ્ર દેખાવો યોજ્યા હતા અને તોડફોડ કરી હતી.

રાજપુત શોર્ય ફાઉન્ડેશન અને યુવા શક્તિ સંગઠનના યુવાનોએ ઝેવિયર્સ કેમ્પસમાં એકઠા મળ્યા હતા.અને સંસ્થાના બારી દરવાજાઓના કાચ તોડ્યા હતા.તો મુસ્લીમ જુથે પણ એનજીઓમાં સાત દિવસમાં બિનશરતી માંફી માંગવાની માંગણી કરી હતી.વાયએસએસના પ્રમુખ રોનકસિંહ ગોહિલે કહ્યુ હતું કે આ ઉશ્કેરણીજનક કૃત્ય કરનારાઓ સામે પગલાં લેવા જોઇએ. અમારો વિરોધ ગાંધીમાર્ગે શાંતિપુર્વકનો નહીં હોય.સુન્ની અવામી ફોરમના ઉસ્માન કુરેશીએ જણાવ્યુ હતું કે ખ્રિસ્તી મિશનરીઓનું આ ઇરાદાપુર્વકનું કૃત્ય છે.બીજીતરફ વધતો વિરોધ જોઇને સંસ્થાએ સ્પષ્ટતાં માટે પ્રેસ કોન્ફરન્સ બોલાવી હતી .જો કે તે અચાનક રદ કરી જાહેરાત અંગે દિલગીરી વ્યકત કરી હતી.

### જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૯, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.